**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૮/૦૬/૨૦૧૭ ગુરૂવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૧૮૪/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૩૮૯ લીટર દેશી દારૂ, ૨૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૫૨ બિયર ટીન અને ૧ સ્કૂટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૬ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૫,૨૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૫/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૪૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઉચાપતની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૬/૧૭**

**એલીસબ્રીજઃ** લોકેન્દ્રસિંહ દોલતસિહ રાઠોડ (રહે. અક્ષરધામ બંગ્લોઝ શિવાલય બંગ્લોઝની સામે ગર્વેમેન્ટ ટ્યુબવેલ રોડ બોપલ) એ તા.૭/૬/૧૭ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે છેલ્લા બે વર્ષ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન વી.એસ.હોસ્પિટલ ખાતેના નીરવ એન્ટપ્રાઇઝ તથા તેના સ્ટાફના કર્મચારીઓએ ભેગા મળી ડીસ્પેંસરી દવા જેમાનુ રજીસ્ટર તેમજ રીફંડ નાણાના વાઉચરો કુલ-૪૮૨ કેશોમા ઉચાપાત કરી દર્દીઓને દવા ખરીદ બાદ આપવામા આવતી ઓરીજનલ સફેદ પાવતીની રકમ દવા પ્રમાણે પુરી વસૂલ કરી ઓફિસ કોપી ગુલાબી પહોચ્મા ઓછા નાણા દર્શાવી હોસ્પિટલમા ઓછા નાણા જમા કારાવી તફાવત નાણા પોતાના ઉપયોગ માટે લઇ હોસ્પિટલ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી તેમજ ઓફિસ કોપીમા ઓછા નાણા દર્શાવી ખોટા દસ્તાવેજ બનાવી હોસ્પિટલના નાણા ૫,૨૩,૧૪૮/- ઉચાપાત કરી છે. આ ગુનાની તપાસ પોઈ.શ્રી પી.એન.ખોખરા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૭/૧૭**

**સોલા હાઈકોર્ટઃ** મહાવીરભાઇ શંકરલાલ જૈન (રહે. જીનેશ્વર ફ્લેટ, વિભાગ-૧, કે.કે. નગર, ઘાટલોડીયા) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૬/૧૭ રાતના ૧૦/૦૦ થી તા.૭/૬/૧૭ સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન આર.સી.ટેકનીકલ રોડ, અવધપુરી શોપીંગ સેંટરની નીચેના ભાગે યંગ સ્ટર નામની પોતાની રેડીમેઇડ કાપડની દુકાનના શટર તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી દુકાનમાંથી જીંસ પેંટ, ટી-શર્ટ, વગેરે રેડીમેઈડ કપડાઓ મળી કુલ કિમત રૂપિયા ૧,૯૩,૯૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી એસ.આર.મેઘાણી ચલાવે છે.

**વાડજઃ** વૈભવભી મુકુલભાઈ શાહ (રહે. વિદ્યાનગર સોસાયટી વિભાગ ઉસ્માનપુરા) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૬/૧૭ કલાક ૧/૩૦ થી સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન ઉસ્માનપુરા વિદ્યાનગર સોસાયટી વિભાગ-૨ બંગલા નંબર-૭ ખાતે રહેતા વૈભવભી શાહના કાકાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ચાંદીના દાગીના, લગડીઓ, ચાંદીના વાસણો મળી કિમત રૂપિયા ૨,૬૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૮૦,૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોઈ.શ્રી વી રાઠોડ ચલાવે છે.

**નરોડાઃ** ધવલકુમાર પોપટલાલ પટેલ (રહે.વ્રજ રેસીડેન્સી દહેગામ રોડ નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૬/૧૭ રાતના ૧૦/૦૦ થી તા.૭/૬/૧૭ સવારના ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૬૨,૫૦૦/-, સોનાની વિટી કિમત રૂપિયા ૨૫,૦૦૦/-, સોનાની બંગડી કિમત રૂપિયા ૩૭,૫૦૦/-, ચાંદીની ત્રણ જોડી તથા ચાદીની કડલી બન્ને મળી કિમત રૂપિયા ૪,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૮૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૨,૮૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૮૮/૧૭</u>**

**આનંદનગરઃ** સરજુદેવી વા/ઓ રામેશ્વરભાઈ મનીયાર (ઉ.વ.૫૮) (રહે.શીવાલીક બંગ્લોઝ મધુરહોટલની બાજુમાં આનંદનગર) તા.૭/૬/૧૭ કલાક ૭/૧૫ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સરજુદેવી મનીયારના ગળામાંથી સોનાનુ મંગળસુત્રકિમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સરજુદેવી મનીયારે આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી એહમદખાન અબ્દુલખાન ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૮૯/૧૭</u>**

**નિકોલઃ** રામસિહ રણજીતસિંહજાતે ઝાલા (રહે. ગામ બોરીયા બેચરાજી તાલુકો તલોદ જીલ્લો સાબરાકાંઠા) એ તા.૩/૬/૧૭ બપોરના ૨/૧૫ વાગે નિકોલ કેશવ નામની કંસ્ટ્રકશન સાઇટના ગેટ નજીક પોતાની સીએન ઓટોરિક્ષા નંબર ૧ ટીએ ૬૭૨૯ કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સવા કલાકમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ રામસિહ ઝાલાએ તા.૭/૬/૧૭ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.એન.ચાવડા ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૯૦/૧૭</u>**

**નવરંગપુરાઃ** ચેતનભાઇ પ્રવિણચંદ્ર શાહ (રહે.સર્વોદય સોસાયટી જુના અચેર રામનગર સાબરમતી) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ચેતનભાઈનો ભત્રીજો સાગર પંકજભાઈ શાહ (ઉ.વ.૨૪) (રહે.નાગરીક સહકારી બેન્ક નગરશેઠનો વંડો ધીકાંટા) તા.૭/૬/૧૭ સાંજના ૭/૧૫ વાગ્યાના સુમારે નહેરૂબ્રીજ ઉપરથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યો હતો ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સાગરના મોટર સાયકલને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સાગરનુ મૃત્યુનિપજયું હતુ. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી સી બી રાઠોડ ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૧૧૯૧/૧૭**

**કૃષ્ણનગરઃ** આરતીબહેન ડો/ઓફ કિશનભાઈ પટણી (ઉ.વ.૧૯) (રહે. કેવડાજીનીચાલી બજરંગ આશ્રમ સામે ઠક્કરનગર) તા.૬/૬/૧૭ બપોરના ૩/૧૫ વાગ્યાના સુમારે પોતના ઘરે દિવેટવાળા પ્રાયમસ ઉપર ચા બનાવતા હતા ત્યારે પ્રાયમસમાં ભડકો થતા દાઝી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુનિપજયું હતુ. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ ઠક્કરનગર ઈન્ચાર્જ પો.સ.ઈ.શ્રી એ એસ અસારી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૧૯૨/૧૭**

**વાસણાઃ** તાનાબહેન વા/ઓફ કાર્તીકભાઇ જેટલી (ઉ.વ.૩૦) (રહે. તુલસીવૃંદ સોસાયટી રજવાડુ હોટેલની સામે, જીવરાજપાર્ક) એ અગમ્ય કારણસર તા.૭/૬/૧૭ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી એમ ડીવીઝન ચલાવે છે.

**નરોડાઃ** વિશાલભાઇ અજીતભાઇ હેવા (ઉ.વ.૩૭) (રહે.પાલડી ગામ પટેલ ચેમ્બરસની બાજુમા પાલડી એલીસબ્રીજ) એ અગમ્ય કારણસર તા.૩૧/૬/૧૭ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે હરીદર્શન રોડ દુર્ગાપાર્ક ખાતે દુકાનમાં ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૭/૬/૧૭ બપોરના ૨/૪૫ વાગે તેમનુ મૃત્યુનિપજયું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેંદ્રસિહ માધુસિહ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** કોમલબહેન શનીભાઇ પ્રજાપતિ (ઉ.વ.૨૦) (રહે રબારીવાસ સોસાયટી) એ અગમ્ય કારણસર તા.૭/૬/૧૭ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતના ઘરે સાડી વડે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.ઈ..શ્રી ડી.એસ.પુનડીયા ચલાવે છે.

**વટવાઃ** રાહુલભાઇ પ્રવિણભાઇ પટેલ (ઉ.વ.૪૩) (રહે.સુરમ્ય ડુપ્લેક્ષ ઘોડાસર વટવા) એ બિમારીથી કંટાળી તા.૬/૬/૧૭ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે પોતના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુનિપજયું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઇંતેખાબઆલમ મુખતારહસન ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.